વિદ્યા સહાયક / પ્રાથમિક
શિક્ષક /ઉચ્ચ પ્રાથમિક
શિક્ષકના બદલીના નિયમો.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્ર:પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૫/૦૭/૨૦૨૩

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/ સી.ફા.-૨૩/ક

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/ ૬૨૧૦૬૫ /ક(ભાગ-૧)

(૪) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૬/૨૦૨૩નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ

(૫) નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષની Latters Patent Appeal(LPA) ક્રમાંક-૧૦૧/ ૨૦૨૩ અને તેને સંલગ્ન કેસમાં નામ.હાઇકોર્ટનો તા.૦૯-૦૬-૨૦૨૩નો ઓરલ ઓર્ડર

(૬) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,ગાંધીનગરનો તા.૧૬/૦૬/૨૦૨૩ નો પત્ર ક્ર:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૩/૪૩૪૭

આમુખઃ-

આ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ-(૧) તથા (૨) મુજબના ઠરાવથી એક જ તાલુકામાં ૧૦(દસ) વર્ષ સુધી ફરજો બજાવવાની શરતે વિદ્યાસહાયકોની નિમણૂકો કરવામાં આવેલ હતી. આવા વિદ્યાસહાયકોને ૧૦(દસ) વર્ષ સુધી જિલ્લાફેર કે જિલ્લા આંતરિક બદલીઓનો લાભ મળતો ન હતો. આ વિભાગના તા.૦૧-૦૪-૨૦૨૨ના ઠરાવથી આવા વિદ્યાસહાયકોની ૫(પાંચ) વર્ષની સેવા પૂરી થયા બાદ જિલ્લા ફેરબદલી અને જિલ્લાફેર અરસપરસ બદલી માટે અરજી કરી શકશે તેવી જોગવાઇ કરવામાં આવેલ હતી. પરંતુ તેઓને જિલ્લા આંતરિક કે જિલ્લા આંતરિક અરસ-પરસ બદલીનો લાભ મળતો ન હતો. તેથી આવા વિદ્યાસહાયકો દ્વારા નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ Special Civil Application-૧૧૯૭૩/૨૦૨૨ અને સંલગ્ન પીટીશનો દાખલ કરેલ હતી. આ પીટીશનોના ચુકાદા સામે નામ.હાઇકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલ Latters Patent Appeal(LPA) ક્રમાંક-૧૦૧/ ૨૦૨૩ અને તેને સંલગ્ન કેસમાં નામ.હાઇકોર્ટના તા.૦૯-૦૬-૨૦૨૩ મુજબના ઓરલ ઓર્ડરથી આવા વિદ્યાસહાયકોને જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં ભાગ લેવા અનુમતિ

આપવા હુકમ કરવામાં આવેલ છે. તદુપરાંત એક જ તાલુકામાં ૧૦(દસ) વર્ષ સુધી ફરજો બજાવવાની શરતે નિમણૂક પામેલ વિદ્યાસહાયકો દ્વારા જિલ્લા આંતરિક બદલી કેમ્પ તથા જિલ્લા આંતરિક અરસ-પરસ બદલીમાં ભાગ લેવા અનુમતિ આપવા બાબતે વિવિધ રજૂઆતો કરેલ હતી. જે વિગતે Latters Patent Appeal(LPA) ક્રમાંક-૧૦૧/ ૨૦૨૩ અને તેને સંલગ્ન કેસમાં નામ.હાઇકોર્ટના તા.૦૯-૦૬-૨૦૨૩ ના ઓરલ ઓર્ડર તથા વિભાગને મળેલ વિવિધ રજૂઆતો ધ્યાને લઇ પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ-(૩) મુજબના આ વિભાગના ઉકત ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

સુધારા ઠરાવ:

| ક્રમ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૧. | પ્રકરણ- G મુદ્દા ક્રમાંકઃ(૩)<br><br>દસ વર્ષ એક જ તાલુકામાં નોકરી કરવાની શરતે જે વિદ્યાસહાયકોને નિમણૂંક આપવામાં આવેલ છે જેમાં સુધારો કરી આવા વિદ્યાસહાયકો કપાત પગારી રજાઓ બાદ કર્યા પછી ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ કરે તેઓ જિલ્લા ફેરબદલી અને જિલ્લા ફેર અરસપરસ બદલી માટે અરજી કરી શકશે. પરંતુ આવા શિક્ષક/ વિદ્યાસહાયક જિલ્લા આંતરિક બદલીમાં ભાગ લઇ શકશે નહી. | પ્રકરણ- G મુદ્દા ક્રમાંકઃ(૩)<br><br>દસ વર્ષ એક જ તાલુકામાં નોકરી કરવાની શરતે જે વિદ્યાસહાયકોને નિમણૂંક આપવામાં આવેલ છે જેમાં સુધારો કરી આવા વિદ્યાસહાયકો કપાત પગારી રજાઓ બાદ કર્યા પછી ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ કરે તેઓ જિલ્લા ફેરબદલી અને જિલ્લા ફેર અરસપરસ બદલી/જિલ્લા આંતરિક અરસ-પરસ અને જિલ્લા આંતરિક બદલી માટે અરજી કરી શકશે. |
| ૨ | પ્રકરણ- N(૭)<br><br>૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે નોકરીમાં જોડાયેલ વિદ્યાસહાયક/શિક્ષક સામે ૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે નોકરીમાં જોડાયેલ વિદ્યાસહાયક/શિક્ષક અરસપરસ બદલી પોતાના વિભાગ અને વિષયમાં માંગે ત્યારે બંને શિક્ષકોનો ૧૦ વર્ષ પૂર્ણ કરવાનો જેટલો સમયગાળો બાકી હશે તે અરસપરસ બદલીથી ગયેલ તાલુકામાં | આ જોગવાઇ રદ કરવામાં આવે છે |

| | | |
|---|---|---|
| | તેટલા સમયગાળા પૂરતો ફરીથી (બાંહેધરી આપવાની) શરતે અરસપરસ બદલીનો લાભ આપી શકાશે. પરંતુ કોઈપણ સંજોગોમાં બાંહેધરીવાળા શિક્ષકની સામે ૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે(બાંહેધરી આપી) નોકરીમાં જોડાયેલ વિદ્યાસહાયક/ શિક્ષક સિવાયના શિક્ષકની અરસપરસ બદલી થઈ શકશે નહી.<br><br>૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે નોકરીમાં જોડાયેલ વિદ્યાસહાયક/ શિક્ષક ૦૫ વર્ષ બાદ જિલ્લાફેર અરસ પરસ બદલી માટે અરજી કરી શકશે. પરંતુ આવી બાંહેધરીવાળી જગ્યા પર આવનાર શિક્ષકે બાંહેધરી મુજબ ૧૦ વર્ષ પૂર્ણ કરવાનો જેટલો સમયગાળો બાકી હશે તે ત્યાં સુધી તે જ જગ્યા પર ફરજ બજાવશે તે મુજબની નવેસરથી એક જ તાલુકામાં ફરજ બજાવવા બાંહેધરી રજૂ કરવાની રહેશે. | |

૨. આ સુધારેલ ઠરાવની જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેના અમલીકરણ માટે સત્વરે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપી શકશે.

૩. આ વિભાગના તા.૧૧-૦૫-૨૦૨૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે. તથા આ સુધારા હુકમનો અમલ આ હુકમ રવાના થયા તારીખથી કરવાનો રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૦૪.૦૭.૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/2023/૫૦૬૫-૫૨૫૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૦૫/૦૭/૨૦૨૩

શિક્ષણ વિભાગના તા:- ૦૫/૦૭/૨૦૨૩ ના સુધારા ઠરાવથી તા.૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવમાં સુધારો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.જેની જાણ શૈક્ષણિક સંઘઠનના પ્રતિનિધિઓ અને આપના તાબાના તમામ શિક્ષકોને કરવાની રહેશે.

(ડૉ.એસ.પી.ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

નકલ રવાના જાણ અર્થે.

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી-તમામ
- શાસનાધિકારીશ્રી-તમામ.